## પ્રકરણ (૫)

### નાટ્યાચાર્ય અને રંગશિલ્પીઓ

નાટ્યપ્રયોગમાં સમસ્ત જ્ઞાન-વિજ્ઞાન, શિલ્પ અને કળા તથા લોક તેમજ શાસ્ત્રની પરંપરાઓનો સમન્વય થતો હોવાથી ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, '' એવું શાસ્ત્ર નથી, એવું શિલ્પ નથી, એવી વિદ્યા નથી, એવી કલા નથી, એવું કૌશલ નથી, એવું કર્મ નથી જે આ નાટ્યમાં ન દેખાય.'' (અધ્યાય ૧ શ્લોક ૧૧૭) નાટ્યપ્રયોગ માટે વિવિધ વિષયોના આચાર્ય, કલામર્મજ્ઞ તથા શિલ્પીઓની વિદ્યાબુધ્ધિનો ઉપયોગ થાય છે. આ રંગાચાર્ય, નાટ્યાચાર્ય, નૃતજ્ઞ, છન્દવિધાનજ્ઞ, શિલ્પી અને લયતાલજ્ઞ ઉપરાંત અનેક પ્રકારના વ્યવસાય અને કલાના જાણકાર શિલ્પીઓનોં કૌશલ અને પ્રતિભા-પરિશ્રમનો ઉપયોગ નાટ્યપ્રયોગ માટે થાય છે જેમાં આભરણકૃત, માલ્વકાર, ચિત્રકાર, વેષકાર, નાટ્યકાર, સ્નૈતિક, રજક કારુક અને કુશીલવ વિગેરે શિલ્પીઓનો સમાવેશ થાય છે. રંગમંચ પર ઉપસ્થિત પાત્રો ઉપરાંત આ નાટ્યપ્રયોક્તાઓ નાટ્યમંડપની રચના, તેની સાજ સજાવટ, પાત્રોના વેષવિન્યાસ વિગેરેનું વિધાન, આભરણ-રચના, ચિત્ર-કલ્પના, ગાયન અને વાદન વિગેરે વિવિધ પ્રકારના પ્રયોગોના સમન્વય ધ્વારા નાટ્યપ્રયોગને સિધ્ધિ તરફ દોરી જાય છે. (ભરત ઔર ભારતીય નાટ્યકળા પૃ.૩૧૭)

### સુત્રધાર

નાટ્યશાસ્ત્રના ૩૫ મા અધ્યાય 'ભૂમિકાવિકલ્પ' અંતર્ગત સુત્રધારની પરિભાષા આપતા ભરતમુનિ જણાવે છે કે -

> ગાનસ્ય ચ વાદ્યસ્ય પાઠ્યસ્યાપ્યેક ભાવવિહિતસ્ય ।
> શિષ્ટોપદેશયોગાત્ સુત્રજ્ઞઃ સુત્રધારસ્તુ ॥
>
> (અધ્યાય ૩૫ / શ્લોક ૯૮)

શિષ્ટના ઉપદેશના યોગ વડે જે ગાન, વાદ્ય, પાઠ્યનો સમાન ભાવે પ્રયોગ કરવાના સિધ્ધાંતો - સુત્ર - ને જાણે છે તેને સુત્રધાર કહે છે. અર્થાત્ જે શાસ્ત્રમાં નિરુપાયેલા ગાન, વાદ્ય, પાઠ્યના વિનિયોગ સંબંધી સુત્રોને જાણતો હોય તેને સુત્રધાર કહે છે

ભરતમુનિએ વિભિન્ન સુત્રો (નાટ્યસિધ્ધાન્તો)ના જ્ઞાતાને-સુત્રજ્ઞને-સુત્રધાર માન્યો છે; પણ પછીના આચાર્યોએ નાટ્યપ્રયોગરુપી સુત્રના સંચાલકને સુત્રધાર કહયો છે. નાટકલક્ષણરત્નકોશ' અનુસાર પૂર્વરંગના આરંભમાં દેવતાઓને પુજન-અર્ચન કરવામાં આવે છે. આ ધાર્મિક પૂજન વિગેરેનો અનુષ્ઠાતા પુરુષ સુત્રધાર કહેવાય છે કારણ કે તે સમગ્ર નાટ્કીય સુત્રને પોતાના હાથમાં રાખે છે. બીજથી યુકત નાટ્યપ્રયોગને સુત્ર કહેવામાં આવે છે. (સૂત્ર ૨૫૦)

'ભાવપ્રકાશન' પ્રમાણે નાન્દીશ્લોક ધ્વારા નાન્દીના અંતમાં કાવ્યમાં નિક્ષિપ્ત વસ્તુ, નેતા, કથા તથા રસને સુત્રમાં ધારણ કરનારો સુત્રધાર કહેવાય છે. નેતા, કવિ અને વસ્તુના ગુણોને સુત્રરુપે ધારણ કરી જે રંગમંચના પ્રસાધનમાં પ્રૌઢ હોય છે તે સુત્રધાર કહેવાય છે. (અધિકાર ૧૦/૧૪-૧૫)

(૧) સુત્રધારનું કાર્ય

પાત્રો તથા અન્ય નાટ્યશિલ્પીઓમાં સુત્રધાર પ્રધાન હોય છે કારણ કે સમસ્ત નાટ્યપ્રયોગનું સુત્ર તેના ધ્વારા સંચાલિત થાય છે. તે નટ સમુદાયનો અધિપતિ હોવાથી તેને નાટગામિણી પણ કહે છે. તે નાટ્યપ્રયોગનો પ્રાણસુત્ર બની બધા પાત્રો અને પ્રયોકતાઓને જીવન તથા ગતિ આપે છે. તે મુખ્ય અભિનેતા, વ્યવસ્થાપક અને રંગશાળાનો મુખ્ય શિલ્પી છે એમ કેટલાક આચાર્યો માને છે. કેટલાકના મતે તે જરુર પડે ત્યારે સ્વયં રંગમંચ ઉપર પ્રવેશી, રંગમંચ ઉપર પાત્રરુપે પ્રસ્તુત થાય છે તથા સ્થાપના અથવા પ્રસ્તાવનાના માધ્યમ વડે નાટ્યનો પ્રારંભ કરે છે. નાટ્યપ્રયોગ તેની પ્રેરણા અને કલ્પના ધ્વારા પરિપલ્લવિત થાય છે. કેટલાકના મતે બધા અભિનેતાઓના સુત્ર સંચાલનની જવાબદારી તેના શિરે હોવાથી તેને સુત્રધાર કહયો છે અને તે રંગશાળામાં અભિનેતાઓને તાલીમ આપે છે. પાત્રાની રુપસજ્જા અને તેમના ધ્વારા રંગભૂમિ ઉપર અભિનય કરાવવો એ પણ તેનુંજ કાર્ય છે. આ બધા મતો ભરતમુનિની મૂળભૂત વિચારણાથી થોડા જુદા પડે છે કારણ કે ભરતમુનિના કથન અનુસાર તો સુત્રધાર શાસ્ત્રના ઉપદેશનું આકલન કરી ગાન, વાદ્ય અને

પાઠ્યનો સમન્વિત પ્રયોગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન આપે છે અને નાટ્યની પ્રસ્તાવના અથવા સ્થાપનાનું કાર્ય સુત્રધાર જેવીજ આકૃતિ અને ગુણ ધરાવનાર સ્થાપક કરે છે. ભરતમુનિ નિરુપિત સુત્રધાર, 'પડદા પાછળનો મુખ્ય કસબી' એવો દિગ્દર્શક છે, એમ કહી શકાય. શ્રી મનમોહન ઘોષે સુત્રધાર માટે director શબ્દ પ્રયોજ્યો છે.

(૨) સુત્રધારનાં ગુણો

સુત્રધારના કાર્યગત મહત્વને ધ્યાનમાં રાખી ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના ૩૫માં અધ્યાય 'ભૂમિકાવિકલ્પ' અંતર્ગત સુત્રધારના સ્વાભાવિક તથા ઉપાર્જિત ગુણોનું વિસ્તૃત વર્ણન કર્યું છે. ભરતમુનિના મતે સુત્રધાર નાટકના સમસ્ત લક્ષણોનો જ્ઞાતા, વાક્, સંસ્કાર, તાલવિધાનજ્ઞાતા, સ્વર તથા વાજિંત્રના તત્વસિધ્ધાંતોનો જાણકાર હોવાં ઉપરાંત ચાર આતોદ્ય વગાડવામાં કુશળ, શાસ્ત્રકર્મોમાં સુશિક્ષિત, ઘણાં પાખંડ કાર્યોનો જ્ઞાતા, નીતિશાસ્ત્રાર્થ-તત્વવિદ્, વેશ્યોપચાર નિપુણ, કામશાસ્ત્ર વિશારદ, વિવિધ ગતિપ્રચારનો જ્ઞાતા-પાઠાન્તરે વિવિધ પ્રકારના ગીત પ્રચારનો જ્ઞાતા, રસભાવવિશારદ, નાટ્યપ્રયોગમાં કુશળ, વિવિધ શિલ્પોનો જ્ઞાતા, પદ તથા છંદોવિધાનજ્ઞ, સર્વ શાસ્ત્ર વિચક્ષણ, ગ્રહ-નક્ષત્ર-તત્વનો જાણકાર, દેહવ્યાપારપંડિત, પૃથ્વી, દ્વીપો, પર્વતો, દેશ, જનપદના ચરિતનો જ્ઞાતા, પ્રમાણ-ચરિતજ્ઞાતા જન્મે રાજવંશનો, શાસ્ત્રાર્થકારોનો શ્રોતા તેમજ શાસ્ત્રાર્થોનો ધારક તથા આ શાસ્ત્રાર્થોનો પ્રયોગમાં વિનિયોગ કરનારો અને તે પ્રમાણે અન્યને શિક્ષણ આપનારો હોય છે. (અધ્યાય ૩૫ શ્લોક ૬૬ થી ૭૧) આ શાસ્ત્રોપાર્જિત ગુણો ઉપરાંત તેનામાં કેટલાક નૈસર્ગિક અને સ્વાભાવિક ગુણો પણ હોય છે જેમ કે સ્મૃતિમાન્, મતિમાન, ધીર, ઉદાર, સ્થિતવાક્, કવિ પાઠાન્તરે સ્મિત વાક, શુચિ, નીરોગી, મધુર, ક્ષમાશીલ, પ્રિયંવદ, સર્વદોષોથી મુક્ત, સત્યવાદી, દક્ષિણ, અલુબ્ધ, અક્રોધ, પ્રત્યુત્પન્ન વિગેરે. (અધ્યાય ૩૫/શ્લોક ૭૨ થી ૭૪)

ભાવપ્રકાશન અનુસાર સુત્રધાર ચાર પ્રકારના આતોદ્યવિધાનનો જાણકાર વાક્પટુ-વાગ્મી, પ્રિય વચન બોલનારો, ગીત તથા તાલનો જ્ઞાતા, ઉપધાર્ય તથા પ્રયોક્તા હોય છે. (૧૦/૧૭)

## (૩) સંસ્કૃત નાટ્યસાહિત્યમાં સૂત્રધાર

નાટ્યપ્રયોગ સંબંધી અન્ય અનેક કાર્યો સંપાદિત કરી સુત્રધાર સ્થાપના તેમજ પ્રસ્તાવના ધ્વારા નાટ્યનો મંગલ પ્રારંભ કરે છે. જો કે ભરતમુનિ તેમજ અન્ય આચાર્યોએ 'સ્થાપક' ધ્વારા કાવ્યની સ્થાપના કરવાનું વિધાન કર્યું છે પણ ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટકોમાં સ્થાપક ધ્વારા સ્થાપનાના પ્રયોગનું કોઇ ઉદાહરણ મળી આવતું નથી. ભાસના નાટકોમાં સ્થાપના તો છે પણ તેનો પ્રયોક્તા પણ સુત્રધારજ છે. તેમાં સુત્રધાર ક્યારેક અતિ સંક્ષેપમાં અને ક્યારેક ગીત વિગેરેના વિનિયોગ ધ્વારા નાટ્યપ્રયોગના પ્રારંભ કરે છે. પરંતુ મૃચ્છકટિક, અભિજ્ઞાન શાકુંતલ, માલવિકાગ્નિમિત્ર, રત્નાવલી અને ઉત્તરરામચરિત જેવા, ભાસના પછીના કાળમાં લખાયેલા નાટકોમાં સુત્રધાર નાટકની સ્થાપના ઉપરાંત કવિપરિચય તેમજ નાટ્યકથા પૂર્ણપણે નવીન હોય તો તેનો સાર સંક્ષિપ્તમાં આપે છે. ઉત્તરરામચરિતમાં સુત્રધાર (વૈદેશિક) અને નટના સંવાદ ધ્વારા કથાનો પરિચય મળે છે. મૃચ્છકટિક અને માલતી-માધવ વિગેરે પ્રકરણોની કથા પ્રખ્યાત ન હોવાથી ચારુદત્ત, વસન્તસેના અને માલતી, માધવની પ્રણયકથાનું સંકેતાત્મક વર્ણન પ્રસ્તાવનામાં સુત્રધાર રજુ કરે છે.

'મહાવીરચરિત'ની પ્રસ્તાવનામાં તો સુત્રધારનો સહાયક તેને નિવેદન કરે છે કે કથાની અપૂર્વતાને કારણે પ્રેક્ષકોને તેનો પરિચય આપો.

આ સુત્રધાર પ્રસ્તાવના ઉપરાંત જરુર પડે પાત્રરુપે પણ રંગમંચ ઉપર રજુ થાય છે. માલતીમાધવમાં સુત્રધારજ કામંદકીનો પાઠ ભજવે છે. પ્રિયદર્શિકા અને રત્નાવલીમાં પણ વત્સરાજ તથા ઉત્તરરામચરિતમાં ભરતમુનિનો ઉલ્લેખ 'તૌર્યત્રિક સુત્રધાર' રુપે કરવામાં આવ્યો છે કારણ કે તે ગીત, વાદ્ય અને નૃત્યોના પણ જ્ઞાતા છે. 'વ્યસૃજદ્ ભગવતો ભરતસ્ય તૌર્યત્રિક સુત્રધારસ્ય' (ઉત્તરરામચરિત અંક-૪) આજ કારણને લીધે પ્રસ્તાવનામાં તે નટી અથવા કુશીલવ અથવા પરિપાર્શ્વક વિગેરેની મદદથી નાટ્યારંભમાં ગીતના સહયોગથી પ્રયોગ કરે છે.

આમ પાત્રો તથા અન્ય નાટ્યપ્રયોક્તાઓમાં સુત્રધારનું વ્યક્તિત્વ સર્વાધિક મહત્વ ધરાવે છે. તે નાટ્યપ્રયોગની વિધિઓનો ઉપદેષ્ટાજ નહીં પણ સ્વયં રંગમંચ ઉપર પ્રસ્તુત

થનાર કવિ તેમજ કાવ્યપરિચય, ગીત તથા અભિનયનો પ્રયોકતા પણ છે.

## સ્થાપક અને પરિપાર્શ્વિક

સુત્રધારના બે સહાયક પુરુષ પ્રયોકતાઓમાં સ્થાપક તથા પરિપાર્શ્વિકનો સમાવેશ થાય છે. પૂર્વરંગ સમાપ્ત થયે સુત્રધાર નિષ્ક્રમણ કરે છે અને નાટ્યની સ્થાપના માટે સ્થાપક પ્રવેશે છે. ભરતમુનિના કથન અનુસાર સ્થાપક, 'સુત્રધાર તુલ્ય ગુણાકૃતિ' ધરાવે છે. તેનું કાર્ય નાટ્યપ્રયોગની સ્થાપના કરવાનું છે. દશરુપકમાં પણ સ્પષ્ટપણે કહેવાયું છે કે પૂર્વરંગ પછી સુત્રધારે પ્રસ્થાન કરવું જોઇએ અને તેના ગયા પછી તેના જેવાજ કોઇ અન્ય નટે રંગમંચ ઉપર આવી અભિનેય કાવ્યકથાની સુચના પ્રેક્ષકોને આપવી જોઇએ. વૃત્તિકાર ધનિકના મત પ્રમાણે પૂર્વરંગનું સંપાદન કરી સુત્રધાર ચાલ્યો જાય તે પછી તેના સદ્દશ વૈષ્ણવ વેષધારી કોઇ બીજા નટે પ્રવેશ કરી, જેનો અભિનય થવાનો છે તે કાવ્યકથાને સુચિત કરે. આ સુચના આપનાર વ્યકિતને સ્થાપક કહે છે કારણ કે તે સુચના દ્વારા કાવ્યકથાને સુચિત કરે છે. દશરુપક અનુસાર સ્થાપકે, જો દિવ્ય વસ્તુની સુચના આપવાની હોય તો દિવ્યરુપે, અદિવ્ય વસ્તુની સુચના આપવાની હોય તો મનુષ્યવેષમાં અને મિશ્રવસ્તુની સુચના આપવાની હોય તો બંનેમાંથી કોઇ એક રુપ ધારણ કરી સુચના આપવી જોઇએ. આ સુચના ચાર બાબતની હોય છે. (૧) વસ્તુ, (૨) બીજ (૩)મુખ અને (૪) પાત્ર. વસ્તુની સુચના ઉદાત્તરાઘવ નાટકમાં, બીજની સુચના રત્નાવલી નાટિકામાં, મુખની સુચના મહાવીરચરિત નાટકમાં તથા પાત્રની સુચના અભિજ્ઞાન શાકુંતલ નાટકમાં જોવા મળે છે. ભરતમુનિ તથા દશરુપકકાર ધનંજય તથા વૃત્તિકાર ધનિકના મતે તેમજ 'નાટકલક્ષણરત્નકોષ'ના કર્તા સાગરનન્દીના મત પ્રમાણે આ કાર્ય સ્થાપક દ્વારા થાય છે પરંતું ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં સ્થાપકનો પ્રયોગ કોઇ નાટકોમાં જોવા મળતો નથી. ભાસના નાટકોમાં પ્રસ્તાવનાની જગ્યાએ સ્થાપના હોવા છતાં પણ સ્થાપકનો પ્રયોગ નથી. એટલે કાં તો સ્થાપક અને સુત્રધાર એક વ્યકિતત્વ છે અથવા તો પછી સમય જતાં સ્થાપકનું સ્થાન સુત્રધારે લીધું એમ કહી શકાય. સાહિત્યદર્પણમાં જણાવાયું છે કે સમય જતાં પૂર્વરંગનો સમ્યક્ પ્રયોગ થતો નહોતો. એટલે સુત્રધાર સ્થાપકનું કાર્ય પણ કરતો હતો.

પરિપાર્શ્વિક, ભરતમુનિના કથન અનુસાર સુત્રધાર કરતાં થોડા ઉણા ગુણ ધરાવતો તેમજ મધ્યમ પ્રકૃતિનો પ્રયોકતા પાત્ર છે. નાટકલક્ષણરત્નકોશ અનુસાર પરિપાર્શ્વિક એ સુત્રધારનો સહાયક છે. ભાવપ્રકાશન અનુસાર જે પાર્શ્વસ્થ (સુત્રધારનો સહાયક) ભરત ધ્વારા અભિનીત, વિભિન્ન રસોનો આશ્રિત ભાવનો પરિષ્કાર કરે છે તે પારિપાર્શ્વિક કહેવાય છે. (અધિકાર ૧૦/૧૬) ભરતમુનિએ પુર્વરંગવિધાનમાં પારિપાર્શ્વિકની સંખ્યા બેની માની છે. પુર્વરંગના એક અંગ એવા 'ત્રિગત'માં, એક પારિપાર્શ્વિક 'વિદૂષક'નો વેષ ધારણ કરી રજુ થાય છે એમ કહેવાયું છે. આમ પારિપાર્શ્વિક પણ રંગમંચ ઉપર પ્રવેશ કરે છે. ભાસના 'અભિષેકનાટક'માં તથા કાલિદાસ કૃત 'માલવિકાગ્નિમિત્ર' તથા 'વિક્રમોર્વશીય'માં પરિપાર્શ્વિક, સુત્રધારના સહાયક તરીકે રજુ થયો છે.

## નટ

નાટ્યશાસ્ત્રના ૩૫ માં અધ્યાય 'ભૂમિકાવિકલ્પ'માં નટની પરિભાષા આપતાં ભરતમુનિ જણાવે છે કે -

> નટયતિ ધાત્વાર્થાશ્રયં ભુયો નટયતિ ચ લોકવૃત્તાન્તમ્ ।
> રસભાવસત્વયુકતં યસ્માત્તસ્માન્નટો ભવતિ ॥
>
> (અધ્યાય ૩૫ / ૯૫)

નટ ધાતુ તણા અર્થે, લોકતણાં વૃત્ત નાટ્યમાં રસભાવસત્વ સાથે ભજવે તેને નટ કહેવામાં આવે છે. અર્થાત્ નટ શબ્દ નટ્, ધાતુમાંથી બનેલો છે જેનો અર્થ અભિનય કરવો એવો થાય છે. જે લોકવૃત્તનો રસ, ભાવ તથા સત્વ થકી અભિનય કરે છે તે નટ એવો ભરતમુનિનો અભિપ્રાય છે. રસ, ભાવ, સત્વયુકત, લોકવૃત્તાંતના નાટ્ય (અનુકરણ) ને લીધે પ્રયોકતા પાત્ર નટ કહેવાય છે એવો પણ મત છે.

એજ અધ્યાયમાં અન્યત્ર ભરતમુનિ જણાવે છે કે -

> ચતુરાતોદ્યવિધાનં પ્રયોગશાસ્ત્રાર્થહેતુ વિહિતસ્ય ।
> નાટ્યસ્ય ચ પ્રયોકતા (યઃ) સ નટો નામ વિજ્ઞેયઃ ॥
>
> (અધ્યાય ૩૫ / શ્લોક ૧૦૦)

જે ચારે પ્રકારના આતોદ્યના સંગીતનો વિનિયોગ કરી જાણે, શાસ્ત્રવિધિ વિધાન તેમજ પોતાની સુઝ પ્રમાણે નાટ્યના અર્થનું નિર્માણ કરે તેને નટ કહે છે.

નટની લાક્ષણિકતાઓ વર્ણવતા ભરતમુનિ જણાવે છે કે -

ઉજ્જવલો રુપવાશ્ચૈવ દૃષ્ટોપકરણક્રિય: ।
મેધાવી ચ વિધાનજ્ઞ સ્વકર્મકુશલો નટ: ॥
(અધ્યાય ૩૫ / શ્લોક ૭૫)

અર્થાત્ રુપાળો, ઉજળો, જોઇને હુબહુ કરનાર, મેધાવી, વિધિવિધાનનો જ્ઞાતા તથા પોતાના કાર્યમાં કુશળ જે નર તે નટ. (કે.કા.શાસ્ત્રી) ભરતમુનિના મતે નટ ચેતનવંતો (ઉજ્જવળ), સારું શરીર સૌષ્ઠવ ધરાવતો, નાટ્યના તમામ ઉપકરણોનો જ્ઞાતા તેમજ તેના વિનિયોગમાં પારંગત, બુધ્ધિમત્તા ધરાવતો, નાટ્ય સંબંધી તમામ વિધિવિધાનોનો જાણકાર તેમજ પોતાના કાર્યમાં કુશળ હોવો જોઇએ.

નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં નટ માટે જરુરી ગુણોનો પરોક્ષ સંકેત ભરતમુનિએ કર્યા છે. નાટ્યવેદની ઉત્પત્તિ થયા બાદ બ્રહ્મા દેવરાજ ઇન્દ્રને કહે છે કે '' મારા ધ્વારા આ નાટ્યકથાનું નિર્માણ થઇ ચૂકયું છે હવે આપ દેવતાઓ ધ્વારા તેનો પ્રયોગ કરાવો' જે દેવગણ કુશળ, વિદગ્ધ પ્રગલ્ભ, જિતશ્રમ હોય તેને નાટ્યવેદની શિક્ષા આપો.'' (શ્લોક ૨૦) અહીં નટના ચાર ગુણ પરોક્ષ રીતે બતાવવામાં આવ્યા છે. (૧) કાર્યકુશળતા (૨) પાંડિત્ય (૩) વાક્પટુતા તથા (૪) શ્રમ ઉપર વિજય મેળવવાની ક્ષમતા.

અભિનવગુપ્ત અહીં પ્રસ્તુત શ્લોકની ટીકામાં જણાવે છે કે 'કુશળ' પદ વડે ગ્રહણ તથા ધારણ કરવાને યોગ્ય ' એવો લેવો જોઇએ. અર્થાત્ નટ નાટ્યવિદ્યાને શીઘ્રતાથી ગ્રહણ કરી શકે તથા એ વિદ્યાને દીર્ઘકાળ સુધી સ્મરણમાં રાખી શકે તેવો હોવો જોઇએ. 'વિદગ્ધ' પદ વડે ઉહાપોહવિચક્ષણનો અર્થ સુચવાય છે. અર્થાત્ તે નાટ્યવિદ્યાને પૂર્ણરુપે ગ્રહણ કરવા માટે સંદિગ્ધ લાગતા અંશો ઉપર તેના સ્પષ્ટીકરણ માટે જરુરી તર્કવિતર્ક કરી શકે તેવો હોવો જોઇએ. 'પ્રગલ્ભ' પદનો અર્થ સભામાં ન ગભરાય તેવો થાય છે. અર્થાત્ નટ રંગમંચ ઉપર પુર્ણપણે સ્વસ્થ હોવો જોઇએ. 'જિતશ્રમ' પદનો અર્થ થાય છે

અભ્યાસ યોગ્ય દૃઢ દેહવાળો તથા ન થાકનારો. નટ પણ દૃઢ દેહવાળો તથા શ્રમ કરતાં ન થાકનારો હોવો જોઇએ.

ભરતમુનિ કહે છે કે, '' આ દેવતાઓ નાટ્યવેદ ગ્રહણ, ધારણ કરવામાં, તેનું જ્ઞાન તથા પ્રયોગ કરવામાં અશક્તિમાન હોવાથી નાટ્યકર્મ માટે યોગ્ય નથી. (શ્લોક ૨૧). અહીં પણ નટના ગુણો પરોક્ષપણે સુચવાયા છે. નટને પોતાની ભુમિકા ગ્રહણ, ધારણ કરતાં આવડવી જોઇએ. તેનો પ્રયોગ-અભિનય કરતાં આવડવો જોઇએ તથા તત્સંબંધી પુરતું જ્ઞાન હોવું જોઇએ.

ભરતમુનિએ આહાર્ય અભિનય' તથા 'ભુમિકાવિકલ્પ'માં જણાવ્યું છે તે પ્રમાણે નટે, રંગમંચ ઉપર પ્રવેશ કરતી વેળા પોતાના સ્વાભાવિક રુપમાં નહી પણ પાત્રાનુરુપ રંગભુષા તથા વેષભુષા ધ્વારા પોતાનું બાહ્ય સ્વરુપ ઢાંકી તથા જે પાત્ર ભજવતો હોય તેને મનથી ગ્રહણ કરી, મનથી પોતે પાત્ર છે તેમ માની વાણી તથા વર્તન દાખવવા જોઇએ. કહેવાનું તાત્પર્ય એ કે નટમાં પાત્ર સાથે 'ભાવ ઐક્ય' સાધવાની ક્ષમતા હોવી જોઇએ. જે ભુમિકા ભજવતો હોય તે ભુમિકા સાથે તેણે 'રુપાનુસંધાન' (લલ્લટ) સાધવુ જોઇએ. નટની આકૃતિ તથા અંત:પ્રકૃતિ બંને પાત્રાનુસાર, પાત્રમય થઇ જવી જોઇએ. નટ અને તે જેની ભુમિકા ભજવે છે તે 'રાજા' બંને અભિન્નપણે પ્રેક્ષકોને જણાવા જોઇએ. નટ તેજ રાજા, રાજા તેજ નટ એવી પરિસ્થિતિ નિર્માણ કરવી તે નટનું કાર્ય છે.

'નાટકલક્ષણરત્નકોશ'માં અભિનેતાના અર્થમાં 'શૈલુષ' શબ્દ પ્રયોજાયેલો જોવા મળે છે.

લાસક: નર્તક: પ્રોક્તો નટ: શૈલુષ એવ ચ ।

(શ્લોક ૨૬૦)

'ભાવપ્રકાશનમાં' શૈલુષ, ભરત, નટ, કુશીલવ આ ચારેય શબ્દોને સમાનાર્થી માનવાનું વલણ જણાય છે.

નાટ્યકર્મપ્રયોક્તા ય: સ તદ્વિદ્ભિરુદીર્યતે ।
શૈલુષો ભરતો ભાવો નટ ઇત્યાદિનામભિ: ॥

(અધિકાર ૧૦ / શ્લોક ૧૦)

નાટ્યકર્મનો જે પ્રયોક્તા છે તેને વિધ્વાનો ધ્વારા શૈલુષ, ભરત, ભાવ, નટ, ઇત્યાદિ નામોથી બોલાવવામાં આવે છે. નાટ્યમાં બીજાના રુપો ધારણ કરી વિભિન્ન સ્વભાવવાળા લોકના ભાવો જે પ્રગટ કરે છે તેને ભાવપ્રકાશનકારે શૈલુષ કહયો છે. (શ્લોક ૧૧) ભાષા, વર્ણ તથા ઉપકરણથી વિભિન્ન પ્રકૃતિ વડે ઉત્પન્ન વેષ, અવસ્થા, કર્મ અને ચેષ્ટાને ધારણ કરવાને કારણે તે ભરત કહેવાય છે એવું ભાવપ્રકાશનકાર કહે છે. (શ્લોક ૧૨) જો કે ભરતમુનિએ પણ આ અર્થમાં એક સ્થળે'ભરત' સંજ્ઞા પ્રયોજી છે, યથા -

ધુર્યવદેકો યસ્માદ્ધ્ધરેદનેક ભૂમિકાયુક્ત: ।
ભાણ્ડગ્રહોપકરણૈર્નાટ્ય્ ભરતો ભવેતસ્માત્ ॥

(અધ્યાય ૩૫ ॥ શ્લોક ૯૧)

અનેક ભૂમિકાઓ ભજવો, અનેક વાદ્ય વગાડી, અનેક ઉપકરણો પુરા પાડી તે એકલો નેતા તરીકે નાટ્યના પ્રયોગનું સંચાલન કરે છે માટે તે ભરત કહેવાય છે. અહીં ભૂમિકાઓ ભજવનાર નટના સંદર્ભમાં 'ભરત' શબ્દ પ્રયોજાયો છે. આ ઉપરાંત વાદ્યવાદક તેમજ નાટ્યઉપકરણોનું નિર્માણ કરનારના અર્થમાં પણ ભરત શબ્દ પ્રયોજાયો છે.

ભાવપ્રકાશનકારે જે રસ ભાવથી યુક્ત અતીત લોકવૃત્તનો સ્વભાવવત્ અભિનય કરે છે તેને નટ કહયો છે (શ્લોક ૧૩) આ ઉપરાંત જે ઉજ્જવલ, રુપવાન, રાજોચિત ક્રિયાઓમાં કુશળ, મેધાવી, વિધાનનો જ્ઞાતા, પોતાના કર્મમાં પંડિત, સુત્રધારનું હિત કરનારો દક્ષ, યથોદ્દેશ પ્રયોગ કરનારો - આવા ગુણોથી યુક્ત હોય તેને નાટ્યમાં નટ કહે છે એવી ભરતાનુસારી વ્યાખ્યા પણ ભાવપ્રકાશનકારે આપી છે. (શ્લોક ૧૮) ભાવપ્રકાશન અનુસાર જે અનેક પ્રકારની ભૂમિકાઓ વડે (અન્ય પાત્રોના રુપને ધારણ કરી) તથા કર્મ, વાચિક અને આંગિક ચેષ્ટાઓ વડે સ્વભાવોચિત કાર્ય કરવામાં કુશળ હોય તેને 'કુશીલવ' કહે છે. તે ચારે પ્રકારના આતોદ્ય (વિધાન)ના ભેદને જાણનારો તેમી કળાઓમાં પ્રવીણ (વિશારદ) કરણ અને અભિનયનો જ્ઞાતા તથા સર્વભાષાઓનો વિશેષજ્ઞ હોય છે. (શ્લોક ૧૯) આમ ભાવપ્રકાશનકારે કુશીલવ અને નટના કર્મો સમાન ગણાવ્યા છે. ભરતમુનિએ કુશીલવનો ઉલ્લેખ વાદ્યયન્ત્રોની સમુચિત વ્યવસ્થા તથા તેના વાદનમાં નિપુણ તરીકે કર્યો છે. આતોદ્ય વિધાન અને તેના વાદનની કુશળતાને લીધેજ તે કુશીલવરુપે વિખ્યાત હોવાનું જણાવ્યું છે.

(૩૫/૧૦૬) આમ ભરતમુનિએ નટ અને કુશીલવને તાત્વિક રીતે ભિન્ન માન્યા છે.

નટી, નાટકીયા

પરિપાર્શ્વિક ઉપરાંત પ્રસ્તાવનામાં સુત્રધારની સાથે નટી પણ ઉપસ્થિતતી રહે છે. ભાસના નાટકોમાં તે સુત્રધારની પત્ની રુપે આવે છે. નટીને 'આર્યે' કહી સંબોધવામાં આવે છે. ચારુદત્તમાં સુત્રધાર અને નટી વચ્ચેના સંવાદમાં 'આર્યે' સંબોધન પ્રયોજાયું છે. 'આર્યે' સંબોધન પત્નીઓ માટે પણ પ્રયોજાય છે. ત્યાર પછીના નાટકોમાં, રત્નાવલી, તથા મૃચ્છકટિકમાં નટી સુત્રધારની પત્ની રુપેજ આવે છે. અહીં સુત્રધાર નટીને, પ્રિયે કહી સંબોધે છે. આ ઉપરથી એમ અનુમાન કરી શકાય કે સુત્રધાર અને નટી (એકજ જાતિના અને) નાટ્યનો વ્યવસાય કરનારી વિશિષ્ટ જાતિના સભ્યો હતાં કારણ કે નાટ્ય વ્યવસાય તેમનો વંશપરંપરાગત ગુણ હતો. પતિ અને પત્ની બંને નાટ્યપ્રયોગમાં એક બીજાના સહાયક હતા. નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિએ સુત્રધારજ્ઞ વિદૂષક, તૌરિક, નટ, વેષકર, ચિત્રકર અને રજક વિગેરે વિભિન્ન શિલ્પીઓની ગણના 'ભરત' શબ્દ અંતર્ગત કરી છે. (અત ઉર્ધ્વં પ્રવક્ષ્યામિ ભરતાનાં વિકલ્પનમ્ । શ્લોક ૮૮) રત્નાવલીની પ્રસ્તાવનામાં સુત્રધાર પોતાની પત્નીને નિવેદિત કરે છે કે તેનો નાનો ભાઇજ યૌગન્ધરાયણની ભુમિકામાં રજુ થઇ રહયો છે. એટલે સુત્રધાર, નટી તેમજ અન્ય વિશિષ્ટ પ્રયોકતા પાત્ર એકજ જાતિના હતા અને નાટ્યપ્રયોગ કરવો એ તેમનો વંશપરંપરાગત વ્યવસાય હતો. નટી સુત્રધારની પત્ની હતી, તેથી તે ગીત, નૃત્ય તથા અભિનયકળામાં નિપુણ હતી. અભિજ્ઞાન શાકુંતલની પ્રસ્તાવનામાંજ નહિ, 'ચારુદત્ત' નાટકમાં પણ ગીતની યોજના તેણે કરી છે. શાકુંતલમાં પ્રયુકત તેનો ગીતરાગ અત્યંત મનોહર છે. તેણે ગાયેલા 'જરીક જરીક ચુંબેલા ભ્રમરે...' પદ સાંભળી સુત્રધાર કહે છે, '' અહો ! રાગમાં ચિત્તવૃત્તિ સ્થિર થઇ ગઇ હોય એમ પ્રેક્ષકગણ ચોમેરે જાણે ચીતર્યા હોય તેવો લાગે છે.''

મુદ્રારાક્ષસની પ્રસ્તાવનામાં સુત્રધારે પોતાની પત્નીના સંબંધમાં ઉત્તમ વિચારો રજુ કર્યા છે.

આ ઉપરથી સાબિત થાય છે કે નટી સુત્રધારની સહાનુગા છે.'' આચાર્યએ સુત્રધારની સ્ત્રીનેજ નટી કહે છે. પોતાના સર્વગુણસંપન્ન, તેમજ વિદ્વાન પતિની જેમ તે પણ અભિનયકળામાં કુશળ હોય છે. પાતિવ્રત્ય તેમજ ગૃહસ્થની જવાબદારીઓ ઉપાડવાની સાથે સાથે તે પોતાની કલાસાધનામાં પણ નિપુણ હોય છે. અભિનયમાં તે કોઇ મહત્વની નારી ભૂમિકા ગ્રહણ કરે છે.'' (વાચસ્પતિ ગૈરોલા-અભિનયદર્પણ'નીં પ્રસ્તાવના) કેટલાક આચાર્યો નટની પત્નીને 'નટી' સંજ્ઞા આપે છે, જેમ કે નાટકલક્ષણરત્નકોશના કર્તા સાગરનન્દી''ખ્યાતિપ્રાપ્ત ઉત્તમ અભિનેતા-મહાનટ અથવા રંગાચાર્યની ભાર્યાને લાસિકા, નર્તકી અથવા નટી કહે છે.'' એવું વિધાન કરે છે. (શ્લોક ૨૬૧)

ભાવપ્રકાશન અનુસાર કાર્યોમાં નટની વૈતનિક-અધ્યાપિકા (અનુયોક્ત્રી) અને નટની ગૃહિણી 'નટી' કહેવાય છે. (અધિકાર ૧૦ / શ્લોક ૨૦)

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના 'ભૂમિકાવિકલ્પ' અધ્યાયમાં નાટકીયા શબ્દનો ઉલ્લેખ કર્યો છે. શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત, ભરતમુનિ ધ્વારા ઉલ્લિખિત નાટકીયા જ નટી હોવાનો સંભવ રજુ કરે છે. તે વસ્ત્ર, આભુષણ અને વર્ણક વિગેરે વડે આચ્છાદિત થઇ ભાવરસ સમન્વિત સત્વ (મનોદશા)નો અભિનય કરે છે. (ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૩૨૨)

ભરતમુનિના કથન અનુસાર ભાંડક-વાદ્ય-જ્ઞાતા, લયતાલજ્ઞા, રસાનુવિદ્ધા તેમજ સર્વાંગસુંદરી તે નાટકીયા. (અધ્યાય ૩૫ / શ્લોક ૭૯) 'ચારુદત્ત'નાટકમાં ગણિકા વસન્તસેના માટે ખલનાયક શકાર 'નાટકસ્ત્રી' શબ્દનો પ્રયોગ કરે છે.'નાટક સ્ત્રી વસંતસેના નામ ગણીકા દારિકા' (ચારુદત્ત અંક-૧). જો કે આજ અધ્યાયમાં ભરતમુનિએ ગણિકાની પૃથક પરિભાષા આપી છે છતાં નાટકીયાં અભિનય તેમજ નૃત્યમાં ચતુર વેશ્યા પણ હોઇ શકે અથવા તે 'નર્તકી' ની નજીકનો શબ્દ પણ હોય, એવો શ્રી દીક્ષિત તર્ક કરે છે. (એજન)

ભરતમુનિ નાટ્યશાસ્ત્રના ૩૪ માં અધ્યાય 'પ્રકૃતિવિચાર'માં પણ નાટકીયા શબ્દનો બે વાર પ્રયોગ કરે છે. રાજાના અંત:પુરમાં સમાશ્રિત વિભિન્ન સ્ત્રીઓના વર્ણનના

કમમાં નાટકીયાનો ઉલ્લેખ કરી તેને રુપ, ગુણ, ઔદાર્ય, સૌભાગ્ય, ધૈર્ય, શીલ સંપન્ના, પેશલ, મધુર, સ્નિગ્ધ, ચિત્રકણ્ઠા, હેલા ભાવ વિશેષજ્ઞા, સાત્વિક અભિનયની જ્ઞાતા, માધુર્યસંપન્ના, આતોધકુશલા, સ્વર, તાલ, લય, યતિજ્ઞા, નાટ્યના આચાર્યની ઉપસેવિકા, ચતુરા, નાટ્યકુશલા, ઉહાપોહ વિચક્ષણા, રુપયૌવનસંપન્ના કહી છે. (અધ્યાય ૩૪ / શ્લોક ૪૮-૫૧) શ્રી મનમોહન ઘોષ પાદ્ટીપમાં નોંધે છે કે રાજાની સલામતી માટે રાજાના અંત:પુર સાથે સંકળાયેલ રંગશાળામાં નટોનો પ્રવેશ વર્જ્ય હતો તેથી સ્ત્રીઓજ નાટકમાં વિવિધ ભૂમિકાઓ ભજવતી. બૃહદ્ શ્લોક સંગ્રહમાં તેનો ઉલ્લેખ છે. પરંતું આજ અધ્યાયમાં અન્યત્ર 'નાટકીયા'નો ઉલ્લેખ ભરતમુનિએ જુદા સંદર્ભમાં કર્યો છે. રાજાના અંત:પુરમાં રહેનારી અને રાજાની ચર્યાને અનુવર્તનારી સર્વ નૃત્યાંગનાઓને અંત:પુરના અધિકારમાં રહેતા નાટ્યાગારમાં પ્રયોજવી જોઇએ. (અધ્યાય ૩૪ / શ્લોક ૭૮-૭૯)

આમ 'નાટકીયા'ના અર્થ પરત્વે સંદિગ્ધતા પ્રવર્તે છે. કેટલાક તેને નટીનો પર્યાય, કેટલાક ગણિકા તથા કેટલાક નર્તકીનો પર્યાય માને છે. નાટકલક્ષણરત્નકોશમાં નટની ભાર્યા, લાસિકા, નર્તકી તથા નટી આ બધા શબ્દોને સમાનાર્થી માનવામાં આવ્યા છે.

## નાટ્યકાર

નાટ્યકારની પરિભાષા આપતાં ભરતમુનિ જણાવે છે કે -

યસ્માદ્ યથોપદિષ્ટાન્ રસાન્ સ ભાવાન્ યઃ સત્ત્વ સંયુકતાન્ ।
ભૂમિવિકલ્પાન્નયતિ ચ નાટ્યકાર સંજ્ઞિતસ્ત સ્માત્ ॥
(અધ્યાય ૩૫ / શ્લોક ૯૯)

શાસ્ત્રમાંના ઉપદેશને અનુસરી, વિભિન્ન પાત્રોમાં સત્વ સહિત વિવિધ ભાવો તથા રસોનો જે સંચાર કરે તેને નાટ્યકાર કહે છે.

ભરતમુનિએ નાટ્યકારનો 'નાટકમંડળી'ના એક સભ્ય તરીકે અહીં ઉલ્લેખ કર્યો છે એટલે દરેક નાટકમંડળી પાસે પોતાનો પગારદાર નાટ્યકાર હોવાની પ્રણાલિકાનો આ નિર્દેશ છે. નાટકમંડળીની ફરમાઇશ પ્રમાણે નાટ્યકાર નાટકની રચના કરતો હોય એવો સંભવ ખરો. નાટકમંડળી એક જગ્યાએથી બીજી જગ્યાએ નાટક કરતી ફરતી એટલે

સ્થાનિક દંતકથાઓ અને ઇતિહાસકથાઓનો આધાર લઇ, જે પ્રેક્ષકો સમક્ષ નાટક રજુ થવાનું હોય તેના રસરુચિને સંતપર્ક એવા નાટકો તત્કાળ નાટકકાર પાસેલખા વી નાટ્યમંડળીઓ રજુ કરતી હોય તેવો સંભવ નકારી શકાય નહી.

સૌતિક (તૌરિક)

ભરતમુનિએ 'ભૂમિકાવિકલ્પ' અધ્યાય અંતર્ગત પરિભાષા આપતી વેળા 'તૌરિક' અને વિવિધ ભરતોના નામ ગણાવતી વેળા 'સ્તૌતિક' શબ્દો પ્રયોજયા છે. સ્તૌતિક શબ્દનો વિકાસ સ્તુતિ-મંગલવાચક 'સ્તુ' ધાતુ ઉપરથી બન્યો હોય તેવો સંભવ ખરો, કારણ કે, આરંભના સમયમાં નાન્દીમાં મંગલારંભ પૂર્વે ગીત અથવા નૃત્યનો પ્રયોગ અત્યંત અલ્પમાત્રામાં થતો હતો, કેવળ સ્તુતિવાચન માત્ર થતું હતું. આ સ્તુતિનો વાચકજ સ્તૌતિક રહયો હશે. પરંતુ 'તૌરિક'ની પરિભાષા આપતી વેળા ભરતમુનિએ જણાવ્યું છે કે -

(શૂ)તૂરપતિસ્તુર્યમતિ સર્વાતોદ્યપ્રવાદને કુશલ: ।
તૂર્યપરિગ્રહયુકતો વિજ્ઞેય સ્તૌતિકો નામ ॥
(અધ્યાય ૩૫ / શ્લોક ૯૪)

ભેરી ને તુરી ને સૌ આતોદ્યો વગાડવે કુશલ,
તૂર્ય-પરિગ્રહધારી તૌરિક તો થાય નાટ્યમાં એવો. (કે.કા.શાસ્ત્રી)

અહીં તૌરિક શબ્દની પરિભાષા ભરતમુનિએ 'તૂર્ય-પરિગ્રહયુકત' કરી છે. તૂરપતિની જગ્યાએ શૂરપતિ એવો પાઠભેદ સ્વીકારી 'શૂરપતિસ્તુર્યમતિ' એવા પદના આધાર શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત, તૌરિક વાદ્યવાદન તથા યુધ્ધકળામાં પણ નિપુણ હતો એવો તર્ક રજુ કરે છે. તે શુરપતિ તથા તુર્યપતિ પણ હતો જેમાં મંગલારંભમાં ગાયન, વાદન અને નૃત્યની પ્રચરતા થઇ ગઇ હતી. જો કે ભરતમુનિએ નાટ્યપ્રયોગમાં અતિશય ગીત-વાદ્ય તેમજ નૃત્યનો પ્રયોગ નિષિધ્ધ માન્યો છે, એટલે આ બંને પ્રચલિત શબ્દો નાટ્યપ્રયોગની વિકાસશીલ વિભિન્ન અવસ્થાઓનો પરિચાયક છે એમ શ્રી દીક્ષિત માને છે. (ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૩૨૩) એકમાં સ્તુતિવચનની પ્રધાનતા છે તો બીજામાં કેવળ તૂર્ય વિગેરે વાદ્યોજ નહીં પણ પરિગ્રહો અર્થાત્ શસ્ત્રોનો પ્રયોગની પણ પ્રધાનતા છે એવો શ્રી દીક્ષિતનો મત છે. (એજન) જો કે શ્રી મનમોહન ઘોષે તો તૂરપતિ પાઠ સ્વીકારી

તેને 'મુખ્યવાદ્યવાદક' master-musician જ કહયો છે. (અંગ્રેજી અનુવાદ ભાગ ૨/પૃ. ૨૨૬)

## નાટ્યપ્રયોગના અન્ય શિલ્પીઓ

---

(૧) મુકુટકાર: મુકુટકાર, પ્રયોકતા પાત્રો માટે મુકુટની રચના કરે છે. ભરતમુનિના કથન અનુસાર 'પ્રકૃતિ અનેક વિચારો, મુકુટ તથા યોગથી સજે માથાં વિભિન્ન વેશ-વિશેષે તેથી તો મુકુટકાર સંજ્ઞા છે' (શ્લોક ૧૦૨) મુકુટ-રચના માટે પણ આહાર્ય અભિનય અંતર્ગત નિશ્ચિત વિધાનોનો ઉલ્લેખ છે. મુકુટનો પ્રયોગ રાજા, રાણી, તેમજ અન્ય રાજવંશીય પાત્રો માટે થાય છે કારણ કે શિરોવેશ માટે અનેક વેશભુષા અને અલંકારોનું વિધાન કરવામાં આવ્યું છે. આ બધાની રચના મુકુટકારજ કરતો હતો.

(૨) આભરણકાર 'આભરણ ઘણાં સાધે તેથી આભરણકાર કહેલો છે.' એવું ભરતમુનિનું વિધાન છે. (શ્લોક ૧૦૩ પૂર્વાર્ધ) આભરણકાર ધ્વારા વિભિન્ન પાત્રોનો દેખાવ વધારે આકર્ષક અને પ્રભાવશાળી રુપે રજુ કરવા માટે વિવિધ પ્રકારના મનોહર આભરણોનું વિધાન વિસ્તૃત રુપે કર્યું છે. એટલે આભરણોનો પ્રયોકતા વિશેષજ્ઞ આભરણકાર કહેવાતો.

(૩) માલ્યકાર પાંચ પ્રકારના માલ્યને સાધનારો માલ્યકાર કહેવાય છે. (શ્લોક ૧૦૪) આહાર્ય અભિનય અંતર્ગત વર્ણિત પાંચ પ્રકારની પુષ્પમાળાઓ-વેષ્ટિત, વિતત, સંઘાત્ય, ગ્રંથિત અને પ્રલંબિત-ગુંથનારાને 'માલ્યકાર' કહયો છે. માલ્યકાર પુષ્પોની સુરભિત રંગબેરંગી માળાઓ ગુંથી, પુરુષ તેમજ નારી પાત્રોના શૃંગાર-સજ્જા રજુ કરતો હતો.

(૪) વેષકાર પાત્રોની વેષરચના કરનારને ભરતમુનિએ વેષકાર કહયો છે. (શ્લોક ૧૦૪) કવિકલ્પિત પાત્રની મનોદશા, વય તેમજ અવસ્થા અનુરુપ વેષની રચના થવાથી નાટ્યપ્રભાવમાં વધારો થાય છે. આથી વેષકારની સ્વતંત્રપણે નિયુકતી થતી.

(૫) ચિત્રકાર — ચિત્રજ્ઞને ભરતમુનિએ ચિત્રકાર કહ્યો છે. (શ્લોક ૧૦૫) ચિત્રકાર મુખ્યત્વે રંગપીઠ તેમજ રંગમંડપની અંદરની ભીંતો ઉપર ચિત્રરચના કરતો. પ્રેક્ષાગૃહના વિભિન્ન ભાગો વર્ણનના પ્રસંગમાં નાટ્યમંડપની સુંદરતા અને ભવ્યતા માટે મનોહર ચિત્રરચનાનું સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે.

(૬) રજક — વસ્ત્રને રંગનારો (રંજન) રંગારો અથવા રંગરેજ તે રજક (શ્લોક ૧૦૫) ભરતમુનિએ વિભિન્ન રસોના નિયત વર્ણ નિરુપ્યા છે જેમ કે શૃંગારનો રંગ શ્યામ, હાસ્યનો સફેદ, રૌદ્રનો રાતો, વીરનો ગૌર વિગેરે. આ નિયત વર્ણ અનુસાર, રસની પ્રધાનતાને ધ્યાનમાં રાખી રંગરેજ પાત્રોની વેશભુષા માટે નિશ્ચિત વસ્ત્રો રંગતો.

(૭) કારુક — કારુક રંગમંચ માટે ઉપયોગી નાટ્ય ઉપકરણો બનાવતો જેમાં લાખ, લોખંડ, પત્થર તથા લાકડાનો ઉપયોગ થતો (શ્લોક ૧૦૫) મુખ્ય રંગમંડપની રચના ઉપરાંત વિવિધ પુસ્ત, અસ્ત્ર, શસ્ત્ર વિગેરે નાટ્યોપયોગી કૃત્રિમ સામગ્રી કારુક તૈયાર કરતો. આ શબ્દનો પ્રયોગ શિલ્પકાર અને કર્મકાર માટે પણ પ્રાચીન ભારતીય સાહિત્યમાં થયો છે. મનુસ્મૃતિ અનુસાર કારુક શબ્દ અતિ વ્યાપક છે. તેની અંતર્ગત કાષ્ઠકર્મી, તન્તુવાદ્ય, નાપિત, રજક અને ચર્મકાર બધાનો સમાવેશ થાય છે.

(૮) કુશીલવ — વિવિધ પ્રકારના વાદ્યો વિધાનપૂર્વક વગાડવામાં તથા તેના ઉચિત વ્યવસ્થામાં નિપુણ શિલ્પોને કુશીલવ કહ્યો છે. (શ્લોક ૧૦૬) આતોદ્ય વિધાન તથા તેના વાદનની કુશળતાને લીધેજ તેઓ કુશીલવ રુપે વિખ્યાત થયા. કુશીલવોનો સંબંધ રામના યુગ્મપુત્ર, વાલ્મિકી રામાયણના ગાયક કુશલવ સાથે હોવાનું શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત માને છે કેમ કે આ બંને પણ રામાયણના પ્રસિધ્ધ ગાયકો હતા. પરંતું નાટ્યકળા અને પ્રયોગના હ્રાસની સાથેજ આ

આ નટો અને ગાયકોનું પણ સામાજિક પતન થયું અને તેમનું નામ કુશીલવ રુપે પ્રસિદ્ધ થયું. પ્રાચીન ભારતીય નાટકોમાં કુશીલવનો ઉલ્લેખ પ્રસ્તાવનામાં કરવામાં આવ્યો છે અને ત્યાં હીન ભાવનાનો કોઇ સંકેત નથી. 'માલતીમાધવ' અને 'વેણીસંહાર'માં કુશીલવ શબ્દનો ઉલ્લેખ છે.

(૧) માલતી માધવમાં સુત્રધાર કહે છે, '' તત્સર્વે કુશીલવા સંગીતપ્રયોગેણ મત્સખીહિતસમ્પાદનાય પ્રવર્ત્તતામ્ ।'' અર્થાત્ બધા કુશીલવો સંગીત બજાવીને મારું કામ પાર પાડવા પ્રવૃત્ત થાઓ.''

(૨) 'વેણીસંહાર'માં સુત્રધાર કહે છે કે '' તત્કિમિતિ પારિપાર્શ્વિક નારંભયસિ કુશિલવૈ: સહ સંગીતકમ્ ।'' અર્થાત્ ''તો પછી પારિપાર્શ્વિક, કુશલવોની સાથે સંગીતનો પ્રારંભ શા માટે નથી કરતા ? ''

---

'ભૂમિકાવિકલ્પ' અધ્યાયના અંતિમ બે શ્લોકમાં ભરતમુનિ જણાવે છે કે જે જે કસબી, જે જે શિલ્પ અને કર્મ પ્રયોગમાં દાખવે તેને તે તે ગુણયોગે તેતે સંજ્ઞા પ્રાપ્ત થાય છે. આ રીતે નાટ્યવિધાનને જાણનારા અને નાટ્યપ્રયોગો અનેક ઉપકરણોને પ્રયોગમાં જોડનારી એક આખી જાતિ 'નટ જાતિ' (જાતિનટસંજ્ઞિતા) પ્રચારમાં આવી. (શ્લોક ૧૦૭/૧૦૮) આમ ભરતમુનિ 'ભરત' એવી વ્યાપક સંજ્ઞા હેઠળ નાટ્યપ્રયોગના પડદા પાછળના વિવિધ કસબીઓના નામ તથા કાર્યો આપી અંતે તેમનો 'નટજાતિ'માં સમાવેશ કરે છે. એટલે અભિનેતાના અર્થમાં પ્રયોજાતી ભરત, નટ, સંજ્ઞાઓ અતિ વ્યાપક હોવાનું સુચવાય છે.

ઉપરોકત સમગ્ર વિવેચના ભરતમુનિની શાસ્ત્રીય તેમજ પ્રયોગાત્મક દૃષ્ટિનો પરિચય આપે છે. નાટ્યશાસ્ત્રમાં આ પ્રયોકતાઓ માટે એક સામાન્ય નામ 'ભરત' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. - 'અત ઉર્ધ્વં પ્રવક્ષ્યામિ ભરતાનાં વિકલ્પનમ્ '- જેમાં સુત્રધારથી માંડી રજક સુધીના લગભગ ૧૮ પ્રકારના વિભિન્ન શિલ્પીઓનો ઉલ્લેખ તેમના

કાર્યવ્યાપાર સૂચિત કરવામાં આવ્યો છે. દરેક શિલ્પો પોતાની રીતે સ્વતંત્ર છે તથા તેમની કલાના યોગ વિના નાટ્યપ્રયોગ સફળ બની શકતો નથી. જો વેષકાર ન હોય તો પાત્રના વય, સામાજિક અને માનસિક અવસ્થાને અનુરૂપ પ્રભાવોત્પાદક વેષરચના સંભવી શકતી નથી. જો કારુક ન હોય તો નાટ્યપ્રયોગમાં પ્રયુક્ત દૃશ્ય સામગ્રીનો ઉચિત ઉપયોગ થઇ શકતો નથી. 'ભરતમુનિએ જણાવેલ પ્રત્યેક શિલ્પકાર, નાટ્યપ્રયોગને જીવન, રસ અને શક્તિ પ્રદાન કરે છે' એવા શ્રી દીક્ષિતના વિધાન સાથે સંમત થઇ શકાય. ભરતમુનિએ 'આહાર્ય અભિનય' અંતર્ગત રંગભૂષા, વેષભુષા, પુસ્તરચના, વિગેરે નેપથ્યજવિધિ વર્ણવી છે તે આ શિલ્પોઓ વિના સંભવી ના શકે એટલે તેમનું વિવરણ નાટ્યપ્રયોગના સંદર્ભમાં અતિ જરુરી બની રહે છે.

નાટ્યપ્રયોગની આવી વ્યાપક દૃષ્ટિનો પરિચય ભરતમુનિ પછી થઇ ગયેલા આચાર્યોએ આપ્યો નથી. ભરતમુનિ અને આ આચાર્યોના દૃષ્ટિકોણમાં ખાસ્સો તફાવત રહેલો છે. ભરતમુનિ શાસ્ત્રકાર અને પ્રયોક્તા બંને હતા જયારે આ બધા આચાર્યો માત્ર શાસ્ત્રકાર હતા. ધનંજય, શારદાતનય, સાગરનન્દી, વિશ્વનાથ, શિંગભૂપાલ વિગેરે આચાર્યોએ કવિનિરુપિત પરંપરાગત પાત્રો વિશે જેટલો ગહન શાસ્ત્રાર્થ કર્યો છે તેટલો પ્રયોક્તા પાત્રના સંદર્ભમાં નથી કર્યો. આ પ્રયોક્તાઓમાં સુત્રધાર, પરિપાર્શ્વક અને સ્થાપક વિગેરે પરંપરાગત પ્રયોક્તાઓનો ઉલ્લેખ બધાજ ગ્રંથોમાં છે પણ પડદા પાછળ, નેપથ્યભૂમિમાં રહી નાટ્યપ્રયોગને સફળ બનાવનારા કસબીઓનો ઉલ્લેખ નથી. દશરુપકકાર ધનંજય તથા સાહિત્યદર્પણકાર વિશ્વનાથે પરંપરાગત પાત્રોના સંદર્ભમાં સુત્રધાર, પરિપાર્શ્વક, સ્થાપક અને કુશીલવ વિગેરેનું વિવેચન કર્યું છે પણ પ્રયોગાત્મક દૃષ્ટિ ન હોવાને લીધે, અન્ય નાટ્ય પ્રયોક્તાઓ અને તેમના કાર્યવ્યાપારનું વર્ણન તેમણે કર્યું નથી. સાગરનન્દીએ 'નાટ્યશાસ્ત્ર'માંથી પ્રેરણા મેળવી તેમના ગ્રંથ 'નાટકલક્ષણરત્નકોશ'માં નાટ્યપ્રયોક્તાઓની યાદીમાં સુત્રધાર, પરિપાર્શ્વક ઉપરાંત કાવ્યપ્રસ્થાપક (સંસ્થાપક) નર્તક, નટ (શૈલુષ), ભરતસુત (સ્ત્રીજીવી) અને રંગાચાર્ય (મહાનટ) તથા તેમની પત્નીઓ અનુક્રમે લાસિકા, નર્તકી અને નટીનો ઉલ્લેખ કર્યો છે. રંગાચાર્યની પત્ની અથવા આમાંથી કોઇ એક સ્ત્રી પ્રયોક્તા નાયિકા રુપે પ્રવેશવાથી 'રંગનાયિકા' કહેવાતી. શિંગભૂપાલે પરંપરાગત નાયકોના સહાયક પીઠમર્દ, ચેટ, વિટ અને વિદૂષક તથા સ્ત્રી-પાત્રોમાં,

નાયિકાઓની સહાયિકાઓ અથવા દૂતી રૂપે ચેટી, લિંગિની, પ્રતિવેશિની, ધાત્રેયી, શિલ્પકારી, કુમારી, કથિની, કારુ અને વિપ્રશિનનો ઉલ્લેખ કર્યો છે. કારુ, શિંગભુપાલની દૃષ્ટિએ રજકી અને શિલ્પકારી, વીણાવાદિની છે. પરંતું તેમના ઉલ્લેખ 'રસાર્ણવસુધાકર'માં નાયિકાઓની સહાયિકારુપે થયો છે. <u>શારદાતનયે</u> ભાવપ્રકાશનમાં પ્રયોકતાઓના સંદર્ભમાં અન્ય આચાર્યોની અપેક્ષા અધિક સ્પષ્ટપણે વિચાર કર્યો છે. પણ શારદાતનયે ૧૦ મા અધિકારમાં નાટ્યપ્રયોકતાઓ સ્થાને સંગીતશાસ્ત્રના પ્રયોકતાઓમાં સુત્રધાર, નટ, નટી, પરિપાર્શ્વક, કુશીલવ, વિદૂષક, સહિત અન્ય નાટ્યપ્રયોકતાઓ ભરત, શૈલુષ, વિગેરેનો ઉલ્લેખ કર્યો છે. પણ આ બધા પાત્રરુપે રંગમંચ ઉપર આવનારા કલાકારો છે, પડદા પાછળના કસબીઓ નહિ.

આમ અન્ય આચાર્યોએ ભરતમુનિ જેવો વ્યાપક નાટ્યપ્રયોગલક્ષી દૃષ્ટિકોણ દાખવ્યો નથી. રંગમંચ ઉપર પ્રત્યક્ષપણે રજુ થતાં પાત્રો સિવાયના અન્ય પ્રયોકતાશિલ્પીઓની વિવેચના તેમણે કરી નથી.